# સામાજિક આંતર્ક્રીયાના ઉપકરણ તરીકે અનુકરણની ચર્ચા કરો.

સામાજિક આંતર્ક્રીયાના ઉપકરણો એટલે એવી મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાઓ જેથી સામાજિક વિકાસમાં સહાયરૂપ બને. – આને પ્રક્રિયાતંત્રો પણ કહે છે.

## મુખ્ય ઉપકારણો

| | | |
|---|---|---|
| ૧. સુચન | ૨. અનુકરણ | ૩. સહાનુભુતિ |
| ૪. અભિસંધાન | ૫.સામાજિક સુસધ્યતા | ૬.સામાજિક નિરોધન |
| ૭. તાદાત્મ્ય | ૮. સામાજિક પ્રક્ષેપણ | |

## ૨. અનુકરણનો અર્થ અને સ્વરૂપ :

"અન્યનું વર્તન જોઈ તેના જેવું વર્તન કરવું એટલે અનુકરણ."

મેક્ડુગલ અનુકરણને જન્મદત્ત વૃત્તિ ગણે છે – આધુનિક મનોવિજ્ઞાન આને સ્વીકારતા નથી – તેના મતે અનુકરણ એ શીખેલું કે સંપાદિત વલણ છે.

## અનુકરણની વ્યાખ્યાઓ :

(૧) "એક વ્યક્તિ બીજી વ્યક્તિના કાર્યો અને શારીરિક ચેષ્ટાઓની નકલ કરે તેને જ અનુકરણ કહી શકાય." -- મેક્ડુગલ

(૨) "અનુકરણ એવી પ્રતિક્રિયા છે કે જેમાં બીજાની પ્રતિક્રિયાનું પ્રત્યક્ષીકરણ ઉદ્દીપન બને છે." -- થાઉંલેસ

(૩) "અન્યના વર્તનનું જાણીજોઇને કે અચેતન રૂપે નકલ કરવાની પ્રક્રિયાને અનુકરણ કહેવામાં આવે છે." --ઇવાન્સ

## અનુકરણનું સ્વરૂપ :

(1) અનુકરણ કરવા માટે અન્યનું વર્તન કે શારીરિક ક્રિયાઓ અનિવાર્ય છે.
(2) આવું વર્તન કે ક્રિયાઓ એવી હોવી જોઈએ કે જેને અનુકરણ કરનાર વિશેષ મહત્વ આપતો હોય.
(3) અનુકરણ જ્ઞાત કે અજ્ઞાત રૂપે કરવામાં આવે છે.

## અનુકરણના પ્રકારો :

ફેરિસે ત્રણ પ્રકારો આપ્યા છે.

**૧. ધીમું અજ્ઞાત અનુકરણ**
**૨. તાત્કાલિક કે ઝડપી અબૌદ્ધિક અનુકરણ**
**3. સભાન અનુકરણ**

### ૧. ધીમું કે અજ્ઞાત અનુકરણ :

ખાસ બાળકોમાં જોવાય છે – પોતાના કુટુંબમાંથી અભણ પણે – જેમ કે, ભાષા, અંગચેષ્ટાઓ, આવેગ-અભિવ્યક્તિ, સાંસ્કૃતિક પરિબળો વગેરે.શીખે છે.

### ૨. તાત્કાલિક કે ઝડપી અબૌદ્ધિક અનુકરણ :

છોકરાઓ અને છોકરીઓ પોતાના ગ્રુપમાં અન્યનું ખુબ જ ઝડપથી અને અતાર્કિક રીતે અનુકરણ – ટોળામાં પુખ્ત વયની વ્યક્તિનું વર્તન પણ આ પ્રકારનું હોય છે. – ટોળામાં વિચાર્યા વિના અન્યનું અનુકારક તરત થાય છે.

આવા ટોળાકીય વર્તનમાં કા દાન આપવાનું હોય અથવા તો આગ લગાડવાનું વર્તન હોય.

**3. સભાન અનુકરણ :**

આ પ્રકારનું અનુકરણ સભાનતાપૂર્વકનું, હેતુપૂર્વકનું અને પ્રયત્નપૂર્વકનું હોય છે. – જેમ કે પશ્ચાત દેશોની ઔદ્યોગિક પધ્ધતીઓનું અનુકરણ કે ફેશનનું અનુકરણ.

જેમ્સ ડ્રેવરના મતે અનુકરણના પ્રકારો ચાર છે.

1. અચેતન (અભાન) અનુકરણ
2. ઈરાદાપૂર્વકનું અનુકરણ
3. પ્રત્યક્શીકૃત અનુકરણ
4. કાલ્પનિક અનુકરણ

**અનુકરણના નિયમો :**

સામાજિક જીવનમાં અનુકરણ કેવી રીતે પ્રસાર પામે છે તે અંગેના પાંચ નિયમો Tarde એ આપ્યા છે.

(1) આ પ્રક્રિયામાં પ્રથમ વિચારોનું અને ત્યાર પછી આચારનું અનુકરણ થાય છે.
(2) વિચાર કરતા આચારનું અનુકરણ લાંબા સમય સુધી ટકે છે.
(3) સમાજના ઉચ્ચ વર્ગના લોકોનું અનુકરણ નીચલા વર્ગના લોકો કરે છે.
(4) અનુકરણનો ફેલાવો ગુણોત્તર પ્રમાણમાં થાય છે.
(5) પ્રચારના સાધનો જ્યાં વધુ હોય ત્યાં અનુકરણ સહેલાઈથી વિસ્તાર પામે છે.

બાળકના સામાજિક વિકાસમાં, ભાષા વિકાસમાં અને આવેગિક વિકાસમાં અનુકરણ મહત્વનો ભાગ ભજવે છે.

**સામાજિક જીવનમાં અનુંકરણનું મહત્વ :**

માનવીના સમાજજીવનમાં અનુકરણનો ફાળો મહત્વનો – સમગ્ર સમાજ જીવન આનાથી જ વિકસે – અનુકરણ દ્વારા જ રૂઢિઓ, રીતરીવાજો અને લોકરીતિઓમાં સાતત્યતા ટકી રહે – અનુકરણ દ્વારા જ ફેશન, રહેણીકરણી, નવા મુલ્યો અને વિચારો, કળા, સાહિત્ય વગેરેનો પ્રસાર થાય છે.

**બેગહોટ**ના મતે સમાજજીવન એ માત્ર અનુકરણ જ છે. – સમાજની લાક્ષણીકતાઓ એક પેઢી પાસેથી બીજી પેઢીને પ્રાપ્ત થાય છે. – અનુકરણ દ્વારા જ વૈજ્ઞાનિક બાબતોનો ફેલાવો થાય છે.

******

# સામાજિક આંતર્ક્રીયાના ઉપકરણ તરીકે સહાનુભુતિની ચર્ચા કરો.

## સહાનુભુતિ

**અર્થ : અન્ય વ્યક્તિના જેવી લાગણી કે ભાવ અનુભવવો એટલે સહાનુભુતિ.** સહાનુભૂતિમાં અન્ય વ્યક્તિ જે લાગણી અનુભવે છે, તેવી જ લાગણી આપણે પણ અનુભવીએ છીએ. જેમ કે, અન્યને રડતા જોઇને ગદગદ થઇ જવું, અન્યને આનંદમાં જોઇને આનંદિત થઇ જવું.

**પ્રકારો :** એડમ સ્મિથ અને હર્બટ સ્પેન્સર સહાનુભૂતિના બે પકાર પડે છે.

(૧) સ્વયંભુ સહાનુભુતિ અને (૨) બૌદ્ધિક સહાનુભુતિ.

**(૧) સ્વયંભુ સહાનુભુતિ** : કોઈપણ પ્રકારના પ્રયત્ન વિના અભાનપણે જયારે આપણે અન્યના જેવી લાગણી અનુંભાવીએ છીએ, ત્યારે તેને સ્વયંભુ સહાનુભુતિ કહે છે. જેમ કે, રસ્તા પર વાહનની અડફેટમાં કોઈ બાળક આવી જાય અને આપણને અરરર ! એમ થઇ જાય છે. – આપનો મિત્ર કેળાની છાલથી લપસી પડે ત્યારે આપણને દુખ થાય છે. – બાળકને પડતો જોઇને માતાથી અચાનક ચીસ પડી જાય છે.

**મેકડુગલ** આ પ્રકારની સહાનુભૂતિને આદિ-નિષ્ક્રિય સહાનુભુતિ તરીકે ઓળખાવે છે. પ્રાણી જગતમાં પણ આ પ્રકારની સહાનુભુતિ જોવા મળે છે. જેમ કે, એક કૂતરાને રડતો જોઇને અન્ય કુતરાઓ રડવા માંડે છે.

**વિલિયમ જેમ્સ નિષ્ક્રિય અને સક્રિય સહાનુભુતિ વચ્ચે તફાવત** પાડે છે. **નિષ્ક્રિય સહાનુભૂતિ**માં દયાથી પ્રેરાઈને કોઈને મદદ કરવામાં આવતી નથી. માત્ર અન્યના જેવી લાગણી જ અનુભવવામાં આવે છે. જયારે **સક્રિય સહાનુભૂતિ**માં દયાથી પ્રેરાઈને અન્યને મદદ કરવામાં આવે છે. જેમ કે, રીક્ષાની અડફેટમાં આવેલ બાળકને ઉપાડીને દવાખાને લઇ જવો.

**(૨) બૌદ્ધિક સહાનુભુતિ** : અહીં આપણે અન્ય જેવી લાગણી અનુભવતા નથી, પરંતુ અન્ય વ્યક્તિઓની સ્થિતિ અંગે બુદ્ધિપૂર્વક વિચારીને દયાથી પ્રેરાઈને તેમને મદદ કરવા પ્રેરાઈએ છીએ. જેમ કે, અન્ય વ્યક્તિઓની ગરીબાઈ જોઈને તેમને સહાય કરવામાં આવે કે પછી રેલ રાહત ફંડમાં પૈસા આપવામાં આવે છે.

## પરાનુભુતિ :

પરાનુભુતિ એટલે અન્ય વ્યક્તિની સ્થિતિમાં પોતાની જાતને કાલ્પનિક રીતે મુકીને તે સ્થિતિમાં અન્ય વ્યક્તિ જેવી લાગણી અનુભવે છે. તેવી લાગણી સ્વયં અનુભવવાની ક્રિયા.

જેમ કે, નાટકમાં નાયક કે નાયિકા જે ભૂમિકા ભજવતા હોય છે તે ભૂમિકા અનુસાર તે લાગણી અનુભવે છે,

આમ સહાનુભુતિ એ સામાજિક આંતરક્રીયાનું મહત્વનું ઉપકરણ છે.

## અભિસંધાન :

**અભિસંધાન એટલે નવુંજોડાણ.**

અભિસંધાન એ શીખવાની એક વિશિષ્ટ પધ્ધતિ છે. – સામાજિક આંતરક્રીયામાં મહ્ત્વનો ફાળો – સૌ પ્રથમ પ્રયોગ રશિયન શરીરશાસ્ત્રી ઇવાન પાવલોવે કુતરા પર કર્યા. – કુતરાને જયારે ખોરાક આપવામાં આવે ત્યારે પ્રતિક્ષપ્ત ક્રિયા તરીકે તેના મોમાં લાળ ટપકવાની સ્વાભાવિક ઓરતીક્રિયા થાય છે – ખોરાક આપતા પહેલા ઘંટડી વગાડવામાં આવતી હતી – ઘંટડીની પ્રતિક્રિયા સામાન્ય રીતે કાન ઊંચા કરે છે, પરંતુ ઘંટડી વગાડવી અને ખોરાક આપવો બંને ક્રિયાઓ સાથે કરવામાં આવતા ઘંટડી વાગે કે તરત જ કુતરાના મોમાં લાળ ટપકતી હતી. આમ, લાળ ટપકવાની પ્રતિક્રિયાનું ઘંટડી વાગવાના ઉદ્દીપક સાથે અભિસંધાન થયું હતું.

**વોટસને** બાળકો પર પ્રયોગો કરી આ બાબત સાબિત કરી છે. જેમ કે, .. **સ્કીનરે** અભિસંધાનને વિશિષ્ટ સાધન વાપરીને સાધનોપયોગી કારક અભિસંધાન નામ આપ્યું – તેને પ્રબલીકરણ પણ કહે છે. – વ્યક્તિ ઇનામ અને સંતોષથી શીખે-

બાળકો સામાજિક જીવનની ઘણી બાબતો અભિસંધાનથી શીખે – જેમ કે, સામાજિક શિષ્ટાચાર, સામાજિક વર્તન વગેરે. – બાળકને ઇનામ, પ્રશંસા, કે શાબાશી દ્વારા પણ ઘણું શીખવવામાં આવે છે. – બાળક નમસ્તે કે આવજો કહે ત્યારે માબાપ તેની પ્રશંસા કરે છે. – વ્યક્તિ સમક્ષ અમુક શબ્દ રજુ કરવામાં આવે અને તેને "ઇલેક્ટ્રિક શોક" આપવામાં આવે, અને આવું એકાદ-બે વખત પુનરાવર્તન કરવામાં આવે ત્યારે વ્યક્તિ માત્ર શબ્દ સાભળીને જ અમુક પ્રકારની પ્રતિક્રિયા કરે છે.

ભય, પૂર્વગ્રહ અને પૂર્વમાન્યતાઓ વગેરે બાબતોનું શિક્ષણ અભીસંધાનથી – અમુક વ્યક્તિઓ, વસ્તુઓ કે દ્રશ્યો પ્રત્યે નફરત કે અણગમો થવાનું કરણ પણ બાલ્યકાળમાં થયેલું અભિસંધાન જ છે. – બાળપણમાં કુતરું કરડ્યું હોય તો મોટી ઉમરે કુતરૂં જોઇને બીક લાગે છે. – ઘણી વિકૃત ભીતીઓ બાલ્યકાળના આઘાતજનક અનુભવો કે અયોગ્ય અભિસંધાનોનું પરિણામ છે.

ઘણીવાર બાળકોનું અભિસંધાન અભાન રીતે પણ થયું હોય છે. અમુક પ્રકારની અંગ ચેષ્ટાઓ, અવાજો કે શબ્દો પ્રત્યે અમુક પ્રકારની પ્રતિક્રિયા કરીએ છીએ તેનું કારણ પણ અચેતન મનની સપાટીમાં પડેલા અનુભવો હોય છે.

અભિસંધાન દ્વારા બાળકોની કુટેવો કે વિકૃત ભયો નાબુદ કરી શકાય છે. જૂની તેવો છોડવા કે ભય નષ્ટ કરવા નવું અભિસંધાન સ્થાપિત કરવું જોઈએ. – જેમ કે, બાળક સફેદ ઉંદરથી ડરતું હોય ત્યારે આ રીતનો ઉપયોગ કરી શકાય. – સફેદ ઉંદર નજીક આવે ત્યારે બાળકને કોઈ સુન્દેર રમકડું આપવામાં આવે અથવા ચોકલેટ આપવામાં આવે તો ધીમે ધીમે બાળકનો ઉંદરનો ભય નાબુદ થાય છે. – ઉંદરના ભયનું વિરોધી અભિસંધાન સ્થાપિત થઇ જાય એટલે ભય નાબુદ થઇ જાય છે. બાળકોની ચિકિત્સા કરવામાં આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. – આપણા જટિલ પ્રકારના વર્તનમાં પણ આક્રમક કે ભયયુકત વર્તન કરીએ છીએ તેનું કરણ અચેતન અભિસંધાન હોય છે.

## તાદાત્મ્ય :

અન્ય વ્યક્તિઓની સિધ્ધિઓને પોતાની સિદ્ધિઓ ગણીને ગૌરવ અનુભવવો તેને તાદાત્મ્ય કહેવામાં આવે છે.

અહીં બીજા જેવી લાગણીનો અનુભવ થાય – અન્ય વ્યક્તિ જાણે આપણા વ્યક્તિત્વના ભાગરૂપ હોય એવી પ્રતિક્રિયા કરીએ – બેટ્સમેને મારેલો છક્કો જાણે કે આપણે જ માર્યો હોય તે રીતે આનંદથી ઉછાળીએ છીએ.

બાલ્યકાળથી જ તાદાત્મ્ય થતું હોય – શાળામાં માબાપની પ્રશંશા કરવી – તાદાત્મ્ય દ્વારા બાળકના વર્તન પર નિયંત્રણ પણ કરી શકાય – જેમ કે "આ પ્રકારનું વર્તન તારા પપ્પાને નહિ ગમે" આમ બાળક ગેરવર્તન કરતુ અટકી જશે. – જૂથ સાથે પણ તાદાત્મ્ય – મારો દેશ, મારી સ્કુલ, મારો ધર્મ, વગેરે.

યુવાઓમાં વિરપુજા ની ભાવના – હીરો કે હિરોઈનને પોતાના પ્રિય પાત્રો ગણે છે. – રાષ્ટ્ર માટે બલિદાન આપવાની ભાવના પણ એના કારણે જ ઉત્પન્ન થાય છે.

## સામાજિક પ્રક્ષેપણ :

**સામાજિક પ્રક્ષેપણ એટલે આપણી વૃત્તિઓ કે દોશોનું અન્ય પર આરોપણ કરવું.**

વ્યક્તિનું મન જે પ્રકારનું હોય તેવી તેને દુનિયા લાગે – પોતાના મનમાં દુષ્ટતા હોય તો જગત પણ તેને દુષ્ટ જ લાગે – બધા પોતાના જેવા લાગે – જેવી દ્રષ્ટિ એવી શ્રુષ્ટિ – અહીં વ્યક્તિની અંગત માન્યતાઓ ખામીઓ, દુર્ગુણો, પૂર્વગ્રહો વગેરેનું તે અન્ય વ્યક્તિઓ પર આરોપણ કરે છે અને સમાજમાં અન્યની સામે એ રીતે વર્તે છે.

આનું કારણ વ્યક્તિમાં રહેલા સંઘર્ષો અને માનસિક સ્વાસ્થ્યની ખામીઓ છે. – બધામાં વત્તા ઓછા પ્રમાણ માં જોવાય છે – દરેક વ્યક્તિ નિષ્ફળતા માટે બીજાને જવાબદાર ગણે છે –

સિયર્સ ના મતે જે વ્યક્તિ આત્મ નિરીક્ષણ કરી શકે છે તે પ્રક્ષેપણ થી મુક્ત થઇ શકે છે – એટલે કે આંતર દ્રષ્ટિના અભાવવાળી વ્યક્તિઓ વધુ પ્રક્ષેપણ કરે છે.

## સામાજિક સુસાધ્યતા :

**વ્યક્તિ એકાંતમાં હોય એના કરતા જુથમાં તે પ્રમાણમાં વધારે કાર્ય કરી શકે છે. આ પ્રક્રિયાને સામાજિક સુસાધ્યતા કહે છે.**

જેમ કે, સમુહમાં વ્યક્તિ વધુ ખાય છે. – લાયબ્રેરીમાં વધુ વાંચે છે – પ્રયોગો દ્વારા પણ આ બાબત સાબિત થઇ છે.

સામુહિક પરિસ્થિતિમાં વ્યક્તિ પ્રોત્સાહિત થાય છે. – કાર્ય દ્વારા લોકો સાથે રહેવાનો પ્રયત્ન કરે

ડેશીલ ના મતે એક વ્યક્તિ એક જગ્યા એ એકલી કાર્ય કરતી હોય, પરંતુ એના જેવું જ અન્ય જગ્યા એ બીજી વ્યક્તિ કાર્ય કરે છે એવી જાણ વ્યક્તિને હોય તો પણ કાર્યનું પ્રમાણ વધે છે.– આને પણ સામાજિક સુસાધ્યતા કહે છે.

## સામાજિક નિરોધન (અવરોધ) :

**સામાજિક સુસાધ્યતા કરતા સામાજિક નિરોધન ઉલટી પ્રક્રિયા છે. સામાજિક સુસાધ્યતા માં જુત્જ-પરિસ્થિતિ વ્યક્તિની કાર્યઝડપ વધારે છે. જયારે સામાજિક નિરોધન માં વ્યક્તિની કાર્ય ક્ષમતામા નોધપાત્ર ઘટાડો થાય છે.**

આપણે જુથમાં કાર્ય કરતા હોઈએ ત્યારે અન્યની હાજરી અવરોધરૂપ બને અને આપણી કાર્ય ઝડપ ઘટે તેને સામાજિક નિરોધન કહે છે.

આપના કાર્યનું કોઈ નિરીક્ષણ કરે છે એવી જન થતા જ આપણું કાર્ય ધીમું પડી જાય છે. જેમ કે, પરીક્ષામાં નિરીક્ષક આપણી નજીક આવે કે તરત આપણી લખવાની ઝડપ ઘટી જાય છે. – વક્તા સ્ટેજ પર તૈયાર કરેલું ભાષણ કરતા ખચકાય છે.